આજ[illegible]

તા. ૨૨-૦૨-૨૦૦૯, રવિવાર 3

# બિદડામાં ૪૫ દરદીઓની આંખના મોતીયાની શસ્ત્રક્રિયા કરાઇ



શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા 1 આખની મોતીયાની શસ્ત્રક્રીયામાં આખના મોતીયાનુ ઓપરેશન કરતા ડૉ. વૈશાલ કેનીયા તસ્વીરમા દેખાય છે.

મુંબઈ

શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા બિદડા ખાતે 45 જેટલા દર્દીઓની 1 આખની મોતીયાની શસ્ત્રક્રીયા આંખના નિષ્ણાત ડૉ. વૈશાલ કેનીયાએ કરી હતી.

તાજેતરમા બિદડા ખાતે યોજાયેલ મેગા મેડીકલ કેમ્પમા નેત્રરોગ શિબીરમા જે દર્દીઓની મોતીયાને કારણે એક આંખ બંધ હતી તેવા પસંદ કરાયેલા 45 દર્દીઓને તા. 14-15 ફેબ્રુઆરીએ ખાસ બિદડા બોલાવવામા આવ્યા હતા. એક જ આંખના મોતાયાનુ ઓપરેશન ખૂબજ કાળજીપુર્વક કરાય એ માટે તેમને અલાયદા બોલાવવામા આવ્યા હતા.

ડૉ. કેનીયાએ ખૂબજ ચોકસાઈથી અને કાળજીપૂર્વક ફેકો એમલ્સીફીકેશનની આધુનીકથી બિદડાના આઈ સર્જન ડૉ. રોહન જાલંદર સાથે બે દિવસમા 45 ઓપરેશન કરાયા હતા. આ પધ્ધતિમા ટાકા લેવા ન પડતા હોવાથી દર્દીને કોઈપણ પ્રકારનો ભાર લાગતો નથી.

જાન્યુઆરીમા યોજાયેલ કેમ્પમા 675 દર્દીઓને નેત્રમણી બેસાડી ઓપરેશન કરાયા હતા. વીરમણીના સહયોગથી યોજાતા નેત્રયજ્ઞમા સમગ્ર કચ્છ નહી પરંતુ બૃહદ કચ્છમાથી દર્દીઓ આવે છે.

ટ્રસ્ટની સ્થાપના પણ નેત્રયજ્ઞથી થઈ છે. ઓપરેશન બાદ દર્દીઓને નવી દ્રષ્ટિ પ્રાપ્ત થતા દર્દીઓની જિંદગીમા આશાનુ કિરણ પ્રગટયુ છે. સ્થાનીક ડૉ. જાલંધર, મુકેશ કટારીયા, મોહન પરમાર, શંકર અજયપાલ અને હરિસીંહ રાઠોડનો સહયોગ મળ્યો હતો.

કચ્છ વાગડ સમાચાર

૨ મુંબઈ, શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૯

# બિદડામાં ૪૫ દરદીઓની એક આંખના મોતિયાની શસ્ત્રક્રિયા કરાઈ

મુંબઈ, તા. ૧૮

શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા બિદડા ખાતે ૪૫ જેટલા દરદીઓની એક આંખના મોતિયાની શસ્ત્રક્રિયા આંખના નિષ્ણાત ડો. વૈશાલકેનિયાએ કરી હતી.

તાજેતરમાં બિદડા ખાતે યોજાયેલ મેગા મેડિકલ કેમ્પમાં નેત્રરોગ શિબિરમાં જે દરદીઓની મોતિયાને કારણે એક આંખ બંધ હતી. તેવા પસંદ કરાયેલા ૪૫ દરદીઓને ૧૪/૧૫ ફેબ્રુઆરીએ ખાસ બિદડા બોલાવવામાં આવ્યા હતા. એક જ આંખના મોતિયાનું ઓપરેશન ખૂબ જ કાળજીપૂર્વક કરાય એ માટે તેમને અલાયદા બોલાવવામાં આવ્યા હતા. ડો. કેનિયાએ ખૂબ જ ચોક્સાઈથી અને કાળજીપૂર્વક ફેકો એમલ્સીફિકેશનની આધુનિક ટેક્નિકથી બિદડાના આઈ સર્જન ડો. રોહન જાલંધર સાથે બે દિવસમાં ૪૫ ઓપરેશન કરાયા હતા.

આ પદ્ધતિમાં ટાંકા લેવા ન પડતાં હોવાથી દરદીને કોઈ પણ પ્રકારનો ભાર લાગતો નથી. જાન્યુઆરીમાં યોજાયેલ કેમ્પમાં ૬૭૫ દરદીઓને નેત્રમણી બેસાડી ઓપરેશન કરાયા હતા. વીરમણીના સહયોગથી યોજાતા નેત્રયજ્ઞમાં સમગ્ર કચ્છ નહીં, પરંતુ બૃહદ કચ્છમાંથી દરદીઓ આવે છે.

ટ્રસ્ટની સ્થાપના પણ નેત્રયજ્ઞથી થઈ છે. ઓપરેશન બાદ દરદીઓને નવી દૃષ્ટિ પ્રાપ્ત થતાં દરદીઓની જિંદગીમાં આશાનું કિરણ પ્રગટ્યું છે. સ્થાનિક ડો. જાલંધર, મુકેશ કટારિયા, મોહન પરમાર, શંકર અજયપાલ અને હરિસિંહ રાઠોડનો સહયોગ સાંપડ્યો હતો.